## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-5** **ગુજરાતી** **જુલાઈ, 2020**

**સમય: 1 કલાક** **કુલ ગુણ: 25**

---

**<u>* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)</u>**

અ.નિ. ચિત્રવર્ણન કરી શકે અને લખી શકે છે.

**પ્રશ્ન 1 નીચે આપેલ ચિત્રના આધારે શાકમાર્કેટનું તમારા શબ્દોમાં વર્ણન કરો.** **5**



**(પ્રજ્ઞાચક્ષુ માટે : શાકભાજી વેચનાર પોતાના શાકનાં વખાણ કઇ રીતે કરે છે? તમારા શબ્દોમાં વર્ણવો.)**

અ.નિ. વાર્તા, ગીતો , કાવ્યો , વર્ણનો, વાતચીત, નાટકો, વાંચી અને સમજી શકે છે.

**પ્રશ્ન 2 આપેલ ફકરો વાંચી નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.** **5**

મંકુ મંકોડો ઝાડ પર ચડતો હતો , ત્યાં તેની નજર આકાશમાં ગઇ. એ તો ફટાફટ ઝાડ પરથી નીચે ઉતર્યો, અને બાજુમાં આવેલ ગુલ્લુ શેઠની કરિયાણાની દુકાને જવા નીકળ્યો. રસ્તામાં કંકુ કીડી મળી. કંકુ કહે, ‘મંકુ ભાઇ ! આમ ઉતાવળે ક્યાં ચાલ્યા?’ મંકુ કહે, ‘ કંકુબેન! ગલ્લુ શેઠની દુકાને જાઉં છું. ’ કંકુ કહે. ‘પણ એમાં આટલી ઉતાવળ ?’ મંકુ કહે, ‘કંકુબેન! આમ, ઉપર તો જુઓ.’ કંકુએ ઉપર નજર કરી... ‘ઓહો....હો... તો તો હવે થોડા જ સમયમાં દરેક જગ્યાએ પાણી જ પાણી! ચાલો, હું પણ મારી સહેલીઓને લઈને ત્યાં પહોંચુ છું.’

1. મંકુએ આકાશમાં શું જોયું હશે?
2. ‘કરિયાણાની દુકાન’ એટલે શેની દુકાન?
3. કંકુ સહેલીઓ સાથે ગુલ્લુ શેઠની દુકાને જવા કેમ તૈયાર થઇ ગઇ?
4. અહીં ‘સહેલી’ ને બદલે બીજો કયો શબ્દ વાપરી શકાય?
5. અહીં કઇ ઋતુની વાત કરવામાં આવી છે?

અ.નિ. કાવ્યની અધૂરી પંક્તિ પૂર્ણ કરી શકે છે.

**પ્રશ્ન 3 આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** **5**

તું તરણાનો તારણહારો, ..................................

.................................. અહીં આગિયા, ભમરા.

અ.નિ. શબ્દ સમજ , શબ્દ – શબ્દ વચ્ચેનો સંબંધ, સ્વર અને વ્યંજન, સંધિ, સમાસ, સંયોજક, અલંકાર, રૂઢિપ્રયોગ અને કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન 4 માગ્યા પ્રામાણે જવાબ લખો.**

1. લીટી કરેલ શબ્દની જગ્યાએ તેના જેવા અર્થવાળો બીજો શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો. **2**
   - સમુદ્રમાં મોટાં મોજાં ઉછળે છે.
   - મેઘગર્જના જેવો ઘેરો નાદ ગુંજી ઉઠ્યો.
2. આપેલ કોષ્ટકમાંથી અંધારું, દૂર અને વિરાટ એ ત્રણ શબ્દના વિરોધી અર્થ ધરાવતા શબ્દો શોધીને લખો. **3**

| | | | |
|---|---|---|---|
| અ | વા | મ | ન |
| ક | જ | અ | જ |
| મ | ળુ | વા | જી |
| ન | જી | ક | ળું |

**અ.નિ. લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણ સમજીને ઉપયોગ કરે છે.**

પ્રશ્ન 5 લીટી દોરેલ શબ્દને બદલે કૌંસમાં આપેલ શબ્દ વાપરી જરૂરી ફેરફાર કરી વાક્ય ફરીથી લખો. 5

1. મેં રોટલી ખાધી. (રોટલો)
2. હું પ્રવાસમાં જવાનો છું. (અમે)
3. રમેશ આજે શાળાએ આવ્યો છે. (આવશે.)
4. નેહાએ એક ગીત ગાયું. (સુંદર)
5. ગોલુ મોલુ અને ભોલુ પાક્કા ભાઇબંધ હતા. (અલ્પવિરામનો ઉપયોગ કરો.)